"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association


૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801


રેફ. નં. : એજીટીટીએ/૨૦૨૦-૨૧/૨૦ તા.૩૦-૧૨-૨૦૨૦

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
**માન.શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ**
માન. પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર,
શાહીબાગ, અમદાવાદ.

**વિષય :- શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશ અંગે**

માનનીયશ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે છેલ્લાં ૩-૪ મહિનાથી અમદાવાદ શહેર વિસ્તારમાં માલ વાહક વાહનોના પ્રવેશ અંગે અમોએ આપશ્રીની મુલાકાત લઈ ઘણી રજુઆતો કરેલ અને તે અંગે આપના આદેશ અનુસાર ટ્રાફિક વિભાગના અન્ય ઓફિસરો સાથે રજુઆત-ચર્ચા વિચારણા તેમજ ટ્રાયલ વગેરે લીધેલ, પણ તેનું કોઈ નિરાકરણ આવેલ નથી અને અત્યારે શહેરમાં રાત્રિના ૯.૦૦ થી સવારે ૬.૦૦ સુધીના કર્ફ્યુને હિસાબે શહેરમાં આવતા માલ તેમજ શહેરમાંથી જતાં માલનું તંત્ર ખોરવાઈ ગયેલ છે અને તેની સીધી અસર ટ્રાન્સપોર્ટ વ્યવસાયિકો અને ટ્રેડ કોમર્સ અને ઈન્સ્ટ્રીઝના વ્યવસાયિકો ઉપર પડેલ છે.

જો કે આપશ્રીએ બપોરના ૧.૦૦ થી ૪.૦૦ દરમ્યાન આવા વાહનોની આવન-જાવનમાં છુટ આપેલ છે, પણ આ સમય દરમ્યાન જરૂરી વ્યવહારોને પહોંચી વળાતું નથી અને શહેરમાં આવતા માલોનું ઓફ લોડિંગ, વિતરણ તેમજ ડિલીવરી અને શહેરમાંથી જતાં માલોનું બુકિંગ, લોડિંગ અને તેનું વહન રોજબરોજ ઓછા સમયને કારણે મોડું થતુ જાય છે અને અગત્યના તેમજ સમયસર પહોંચાડવાના માલનું વહન અશકય બને છે.

આ ઉપરાંત આપને ખાસ જણાવવાનું કે કેન્દ્ર સરકારના જીએસટી વિભાગે વહન થતાં માલના ઈ-વેબીલની અવધિમાં ૫૦% જેટલો ઘટાડો કરેલ છે જેમ કે ૨૦૦ કી.મી. સુધીના અંતરના માલ માટે ૨ દિવસના બદલે ૧ દિવસ અને ૪૦૦ કી.મી.ના અંતરના માલ માટે ૪ દિવસના બદલે ૨ દિવસ કરેલ છે. જે અન્વયે માલનું સમયસર વહન ન થતા મળતી કાયદાકીય અવધિ માલનું વહન કરતા પહેલા જ પુરી થઈ જાય છે.

અમારા ઘણા બધા ટ્રાન્સપોર્ટરોની રજુઆત મુજબ શહેરના ટ્રાનસપોર્ટ ગોડાઉનોને રાત્રિ દરમ્યાન કોઈ વધારાની છુટછાટ મળવી જોઈએ અથવા તો બપોરે ૧.૦૦ થી ૪.૦૦ની છુટછાટમાં વધારો કરવો જોઈએ. જેથી ટ્રાન્સપોર્ટરો અમદાવાદમાં આવતો માલ સમયસર લાવી શકે તેમજ અમદાવાદમાંથી બુકિંગ થતા માલનું સમયસર વહન કરી શકે.

"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ००४.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

| President : | Executive President : | Hon. Secretary : |
|---|---|---|
| SHRI VASANBHAI G. AHIR | SHRI MUKESHBHAI C. DAVE | SHRI HASMUKHBHAI N. BHAGDEV |
| (Gandhinagar) | (Ahmedabad) | (Rajkot) |
| (O) 079-23250205 (O) 079-23250206-09 | (O) 02718-261516 | (O) 0281-2460837 (O) 0281-2482185 |
| (F) 079-23250285 (M) 99250 25148 | (M) 98240 39477 | (F) 0281-2482186 (M) 93773 56801 |




**જો કે રાત્રિના ૯.૦૦ થી ૬.૦૦ના કર્ફ્યુનું પરિણામ ખુબ સારૂ મળ્યુ છે અને અમારો વ્યવસાય પણ તે અંગે આપનો આભાર માને છે અને રાજયમાં હવે પેન્ડેમીક પરિસ્થિતિ ઘણી સુધરી છે તે જોતાં તેને લગતી દરેક ડીસ્સીપ્લીન સાથે ટ્રેડ અને કોમર્સની યાતાયાત અર્થે અમારા વ્યવસાયને આપશ્રી તરફથી કોઈ રાહત મળશે તે આશા સહ.**

**આભાર સહ,**

**આપના વિશ્વાસુ**

**મુકેશભાઈ સી. દવે**
**(કાર્યકારી પ્રમુખ)**

**હસુભાઈ એન. ભગદેવ**
**(માનદમંત્રી)**

**નકલ રવાના :** ૧. માન.શ્રી એમ.એ.ચાવડા સાહેબ-સંયુક્ત પોલીસ કમિશ્નર (ટ્રાફિક)-અમદાવાદ.
૨. માન.શ્રી તેજસભાઈ પટેલ-નાયબ પોલીસ કમિશ્નર (ટ્રાફિક વહીવટ)-અમદાવાદ.
૩. પ્રમુખશ્રી/માનદમંત્રીશ્રી-ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ.
૪. પ્રમુખશ્રી/માનદમંત્રીશ્રી-અમદાવાદ ટ્રાન્સપોર્ટ એસોસીએશન, અમદાવાદ.